# ટહુકો

## –અમી કર્દમ યાજ્ઞીક

શીયાળાની હુંફાળી બપોરે સુકેતુભાઈ આરામખુરશીમાં બેસી, એક યોગીની માફક આંખો મીંચીને, રસોડામાંથી કપ–રકાબી ખખડવાની રાહ જોતા હતા. ત્યાં જ તેમની બાલ્કની નીચે રીક્સા ઉભી રહેવાનો અવાજ સંભળાયો. કમને ખુરશીમાંથી ઉભા થઈને નીચે કોણ આવ્યું હશે તે જોવા એમણે ડોક લાંબી કરી. તરત જ પાછા ફરી બુમ પાડી, ‘અરે કીકી, જો તો ખરી, કોણ આવ્યું છે? આ તો તારો ‘ટહુકો’ આવ્યો છે!’

નેપકીનથી હાથ લુંછતાં કીકીબહેન રઘવાયાં થઈ બહાર આવ્યાં, ‘શું વાત કરો છો? દીલ્લીથી સુલુબહેન આવ્યાં છે ?’

જાણે ભગવાને કંપાસ લઈ બનાવ્યું હોય તેવું ગોળ મોઢું કપાળમાં મોટો ચાંદલો, ભરાવદાર શરીર અને સુઘડતાથી પહેરેલી સાડી જોઈ કોઈ કહે નહીં કે તે સાંઠ પાર કરી ગયાં છે. આવતાંની સાથે જ કીકીબહેન તેને ભેટી પડ્યાં ને હાથ પકડી હીંચકે બેસાડ્યાં. હસતાં હસતાં કીકીબહેને ચાલુ કર્યું, ‘કાકી તમારા આ હીંચકાનું નામ તમે ‘હાશ’ રાખો. એવી તો હાશ અનુભવાય છે અહીં બેસી ને!’

સુકેતુભાઈ એક ખુરશી ખેંચી હીંચકા પાસે બેઠા. ‘સુલુ, તારી કાકીએ તારું નામ ‘ટહુકો’ પાડ્યું જ છે. જ્યારે આવે ત્યારે કહેતી, ‘કાકી, અહીંથી નીકળી ને મને થયું લાવ, કાકીને ત્યાં ‘ટહુકો’ કરતી જઉં. હવે આ હીંચકાનું નામ પણ તેં પાડી આપ્યું!’

હસતાં હસતાં બધાએ ચા પીધી અને વાતચીત શરુ થઈ. સુકેતુએ ધીમે રહીને પુછ્યું, ‘સુલુબહેન, અમને તો અહીં એવી ખબર પડી હતી કે તને મલયને ઘરે ફાવતું નહોતું. તારી કાકીએ તને પત્ર લખ્યો હતો; કારણ એને આ ખબર મળ્યા પછી તારી ખુબ ચીન્તા એને થતી હતી.’

કીકીબહેન સહેજ ગમ્ભીર થઈ બોલ્યાં, ‘અરે, હજી હમણાં તો આવ્યાં. કંઈક સારી વાત કરો ને? એમને વધારે દુ:ખી નથી કરવાં.’

‘કાકી, ચીન્તા ના કરો. હવે હું મઝામાં છું. ખાસ તમને મળવા જ આવી છું. બહુ તકલીફમાં હતી; પણ તમારો કાગળ વાંચ્યા પછી મેં મારા વીચારની દીશા બદલી. મને થયું કે આમ દુ:ખી રહેવા કરતાં આનો કંઈક રસ્તો કાઢું..

‘શરુઆતમાં મલય, મને તેને ત્યાં રહેવા લઈ ગયો ત્યારથી જ મને ત્યાં ગમતું નહોતું. પરપ્રાંતની વહુ, નવી ભાષા સમજાય નહીં, જમવાનુયે કંઈ ભાવે કે ફાવે નહીં. આખો દીવસ રુમમાં બેસી રહેવાનું. કંઈ કામ નહીં. માણસ કરતાં નોકરો વધારે. મલય–પ્રતીમા નોકરીએ જાય; આરુષ અને રુચી નીશાળે જાય પછી હું શું કરું? એ લોકો ઘરે આવે પછી પણ ‘કેમ છો? સારું છે?’ કરી, મોબાઈલ કે લેપટૉપમાં ડુબી જાય. છોકરાંઓ તેમના રુમમાં ટીવી જુએ. મને તો ઘણી વાર એમ થાય કે આ લોકોનાં શરીરનાં અભીન્ન ભાગ ‘ટીવી–મોબાઈલ’ જ છે! આરુષ અને રુચી તો હું કોઈ બીજા ગ્રહ પરથી આવી હોઉં તેમ મારી સાથે વર્તાવ કરે!

‘તમારો કાગળ વાંચ્યા પછી ધીમે ધીમે ઘરના સૌથી નાના સભ્ય આરુષ સાથે ભાઈબંધી કરી. તેની સાથે બોલ રમું, તેને સ્કુલના ગૃહકાર્યમાં મદદ કરું. રમતાં રમતાં ગણીત શીખવાડું. પછી તો અમને બન્નેને ફાવી ગયું. રુચીને ધીમે ધીમે ખ્યાલ આવ્યો કે બા **‘અભણ’** નથી.

‘એક દીવસ તે મારી પાસે આવી મને કહે, ‘બા, મારા ટીચરે એક જ શબ્દ આપ્યો છે ‘સક્સેસ’(Success) અને તેના પર ચાર પાનાંનો નીબંધ લખવાનો છે. તમને એ વીશે કંઈ ખબર છે?’

‘મેં તેને કહ્યું કે, તું રોબર્ટ ફ્રોસ્ટની કવીતા ‘ધ રોડ નોટ ટેકન’(The Road Not Taken)ની છેલ્લી બે પંક્તીથી નીબંધની શરુઆત કર. પછી તેને મુદ્દાઓ પણ લખાવ્યા ને તે મુદ્દા પર કઈ રીતે લખવું તેયે સમજાવ્યું. તે ખુશ થઈ ગઈ.

'બે દીવસ પછી રુચી તો કુદતીકુદતી આવી અને મને કહે, 'બા, તમે તો મહાન છો. તમને ખબર છે? મારો નીબંધ આખી શાળામાં એસેમ્બ્લીમાં વંચાવડાવ્યો અને સ્કુલના મેગેઝીનમાં તે છપાશે! બા, આજે હું તમને પગે લાગું?' બસ, આટલું જ મારે માટે બહુ હતું.

'રુચી મને પુછતી, 'બા, તમને આટલું બધું સરસ કેવી રીતે આવડે છે?' ત્યારે મેં એને સમજાવ્યું કે તારા પપ્પા અને ફોઈને હું શીખવાડતી અને તેમની સાથે સાથે હું પણ શીખી ગઈ!

'ધીમે ધીમે પ્રતીમા અને મારી વચ્ચે પણ અંતર ઓછું થતું ગયું. એ એની ઓફીસની વાતો કરતી અને હસાવતી. મને હસતી જોઈને એ ખુબ ખુશ થતી. ધીમે ધીમે ઘરમાં ટીવીનો ઘોંઘાટ ઓછો થયો. મોબાઈલ ફોન બાજુ પર મુકાયાં. બધા સાથે બેસતાં અને આનન્દ કરતાં થઈ ગયાં છીએ.

'કાકી, તમારા કાગળની દરેક વાત મને ગમી ગઈ હતી; પણ એક વાત સ્પર્શી ગઈ : *'મન મોટું રાખીને સુલુબહેન, બધા સાથે ભળો અને ના ગમતી વસ્તુઓ તરફ ધ્યાન ન આપતાં; તેને ગમતી કરવા પ્રયત્ન કરો.'* બસ, આ જ વાતને લીધે આજે હું ખુશ છું. કાલે મલય મને લેવા આવવાનો છે.'

'અરે, સુલુ, હજી હમણાં તો આવી. દસપંદર દીવસ રહીને જા ને!'

'કાકા, હું એવું જ વીચારીને આવી હતી; પણ આરુષ મારા વગર રહેતો નથી અને માંદો પડી ગયો છે. કાલે સવારની ફ્લાઈટમાં જઈશ.'

'સુલુ, તેં જે વાત કરી તે તો બધા વડીલોએ સમજવા જેવી છે. આજના યુવાનો આ ગળાકાપ હરીફાઈમાં, એટલી તાણભરેલી જીન્દગી જીવે છે કે આપણે તેમને સમજીને આપણા વર્તાવમાં જ બદલાવ લાવવાની જરુર છે. બે પેઢીઓ વચ્ચે અંતર છે જ નહીં; જો કોઈ અંતર હોય તો તે સમજણમાં છે. તારી માફક બધા જ પ્રયત્ન કરે તો જીન્દગી જીવવાની મઝા પડી જાય.'

સુલુબહેન તેમનો ‘ટહુકો’ મુકીને ગયાં ને કાકા–કાકી તેમની વાતો યાદ કરી મલકતા મોઢે, ‘હાશ’ને ઝુલાવતાં રહ્યાં.

–અમી કર્દમ યાજ્ઞીક


લેખીકા સમ્પર્ક:

Ami Kardam Yagnik,
9, Arti Society, Hariomnagar, Near : Science Community Centre,
VADODRA-398023 Mob.: 9898599489
eMail : yagnikkardam@yahoo.in



સપ્ટેમ્બર, 2017ના ‘અખંડ આનન્દ’ના અંકનાં પાન 28-29 ઉપરથી, લેખીકાની અનુમતી અને ‘અખંડ આનન્દ’ માસીકના સૌજન્યથી સાભાર..

‘અખંડ આનન્દ’ના જુના અંકો મોકલવા બદલ કામરેજના ‘ડૉ. બળદેવ ભક્ત’નો ખુબ આભાર.. ..ઉત્તમ.મધુ ગજ્જર..


♦●♦


‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: પંદરમું – અંક: 435 –Septembar 15, 2019

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com


@@@@@


Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,66,44,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,40,26,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,96,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,19,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@

2019-09-15

'Sunday eMahefil'-435